**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૬ ટકા

# સંસ્કૃતિકુંજમાં લોકનૃત્યો માણવાની મજા બગડી

## સંસ્કૃતિકુંજમાં યોજાતા લોકનૃત્યોના સમયમાં ફેરફાર : સાંજે ૭ થી ૧૦ દરમિયાન યોજાતા લોકનૃત્યોનું હવે સાંજના ૬.૩૦ સુધીમાં સમાપન : મુલાકાતીઓ નિરાશ

ગાંધીનગર, તા.૨૮

સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવનો પ્રારંભ થઈ ગયો છે. આ વર્ષે સંસ્કૃતિકુંજ ખાતે લોકનૃત્યોની પ્રસ્તુતિ અને ક્રાફટ બજાર તો છે જ સાથે સરિતા ઉદ્યાન ખાતે ગુજરાતી કલાકારોનો સંગીત કાર્યક્રમ અને ફૂડકોર્ટ અલગ રખાયા છે જે આ વર્ષે શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

આયોજકો દ્વારા રાત્રિના ૭ થી ૧૦ દરમિયાન લોકનૃત્ય અને સંગીત પ્રસ્તુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસથી સંગીત કાર્યક્રમમાં શહેરીજનોની સંખ્યા વધી જતા દ્વિતીય દિવસથી લોકનૃત્ય પ્રસ્તુતિનો સમય બદલી નાંખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન પૂર્ણ કરી દેવામાં આવે છે. સંસ્કૃતિકુંજની રોનક ગણાતો લોકનૃત્ય કાર્યક્રમ અને લોકમેળાની મજા આ વર્ષે ઓસરી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. બપોરના સમયે શહેરીજનોની સંખ્યા આ કાર્યક્રમ જોવા માટે થતી જ નથી અને કાર્યક્રમ માણવામાં પચાસેક વ્યકિતઓ માંડ દેખાઈ રહ્યા છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળના લોકનૃત્યો જે નગરજનોમાં વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર રહી છે તેની રોનક હવે ઓસરાઈ ગઈ છે. સાંજથી રાત્રિ દરમિયાન લોકમેળાને માણતા માણતા લોકનૃત્યનું સંગીત પણ સંભળાય તો એક તાન ચઢતું જે હવે અપ્રાપ્ય છે.


આ વર્ષે વસંતોત્સવ સરિતાઉદ્યાન અને ફૂડકોર્ટ સુધી વિસ્તર્યો તો ખરો પરંતુ સંસ્કૃતિકુંજના લોકમેળા અને લોકનૃત્યોની રોનક જાણે ઓસરાઈ ગઈ છે.



# સિવિલમાં ગળામાં થતી મુખ્ય ચેતાતંતુની ગાંઠની સફળ શસ્ત્રક્રિયા

ગાંધીનગર, તા.૨૮

સિવિલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં ગાંધીનગર તાલુકાના એક ગામના ૩૯ વર્ષિય યુવક પર ગળાના ભાગે થતી ચેતાતંતુની ગાંઠનું ઈએનટી ડોકટરોની ટીમ દ્વારા સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. ૨૫ કે ૪૫ ટકા આ પ્રકારની ગાંઠ ગળાના કે માથાના ભાગે જોવા મળે છે. ડોકટર દ્વારા ચકાસણી બાદ આ દર્દીને એડમીટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દર્દીના બ્લડ રીપોર્ટ, સીટીસ્કેન, એમઆરઆઈ સહિતના રીપોર્ટ બાદ ગળાની મુખ્ય ચેતાતંતુની ગાંઠ હોવાનું નિદાન થયું હતું અને શસ્ત્રક્રિયા બાદ તેને દુર કરવાનું પણ નક્કી કરાયું હતું. આ ગાંઠ પ્રાથમિક તપાસ બાદ સ્પીન્ડલ સેલ ટયુમર કે જે ન્યુરોફાઈબ્રોમા અથવા શ્વાનોમાં હોઈ શકે છે. આ પ્રકારના કેસ ખુબ ઓછા જોવા મળે છે. આખા શરીરમાં થતી આ પ્રકારની ગાંઠમાંથી ૨૫ કે ૪૫ ટકા આ ગાંઠ માથાના કે ગળાના ભાગે થતી હોય છે. આ ગાંઠ ગળામાં આવેલા કેરોટીડ આવરણ કે જેમાં મોટી ધમની, શીરા, મુખ્ય



ચેતાતંતુ, વેગસ તેમજ સીમ્પેથેટીક ટ્રંક આવેલા હોય છે. તેની સાથે આ ગાંઠ ચોંટી ગઈ હતી. શસ્ત્રક્રિયા તેમજ બેહોશ કરવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા ઝોખમો વિશે દર્દીના સગાઓને જાણ કરાઈ હતી. આ ખુબ જ પ્રકારનું ઓપરેશન શરીરના અન્ય અવયવોને નુકશાન ન થાય તે પ્રકારે ગાંઠને કાળજી પૂર્વક છુટી પાડીને નીકાળી દેવામાં આવી હતી. જયારે ઓપરેશન દરમિયાન બેભાન કરવાની પ્રક્રિયા માટે દર્દીને શ્વાસનળીમાં નળી નાંખવામાં પણ જોખમો રહેલા છે. ત્યારે ઓપરેશન સમયે હૃદયના ધબકારા તેમજ લોહીનું દબાણ નિયંત્રિત રાખવુ એનેસ્થેટિસ્ટસ માટે ખુબજ પડકાર જનક હતું. મેડીકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા, ડો.હીના ગદાણી, ડો.ભુમિકા દરજી, ડો.નિસર્ગ પટેલ ની ટીમ પણ સતત હાજર રહીને ઓપરેશન દરમિયાન દર્દીને સંપૂર્ણ રીતે સુરક્ષિત ભાનમાં લાવવાનું કાર્ય પાર પાડ્યું હતું. ઈએનટી સર્જન ડો.યોગેશ ગજ્જર (પ્રોફેસર હેડ), ડો.રૂતા સાયાણી (મદદનીશ પ્રાધ્યાપક), ડો.વિશાલ અરોરા (રેસીડેન્ટ) દ્વારા સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. ઓપરેશન બાદ દર્દીને નવી જીંદગી મળી છે અને દર્દી સ્વસ્થ જીવન પસાર કરી રહ્યો છે.




શહેરમાં હાલ સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે અહી ગુજરાતના પ્રખ્યાત કલાકાર કિંજલ દવેનો સંગીત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરીજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# સત્યાગ્રહ છાવણી ખાતે પ્રાથમિક સુવિધા જરુરી : અરૂણ બુચ

## છેવટે તો અહીં આવતા નાગરિકો ગુજરાતના જ છે : તેમના માટે શૌચાલય, માઈક, મંડપ, પોલીસ સંરક્ષણ જેવી સુવિધા ઉભી કરવા માંગ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની ત્રિદલ સંસ્થા જે શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય કરતી સંસ્થા છે. આ સંસ્થાની તાજેતરમાં મળેલી માસિક બેઠકમાં ગાંધીનગરના જાગૃત નાગરિકો દ્વારા શહેરના અગત્યના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી જેમાં ઘ-૩ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં આવનાર સત્યાગ્રહીઓને પાયાની જરૂરિયાત મળી રહે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ તથા સમગ્ર વસાહત મંડળ સાથે ભાનુભાઈ પુરાણીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ગાંધીનગરમાં પોતાની રજુઆત કરવા આવતા સત્યાગ્રહીઓને સત્યાગ્રહ છાવણી ખાતે પ્રાથમિક વ્યવસ્થા અનિવાર્ય હોવાનું જરુરી ગણી આ બાબતનો સરકાર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સરકાર દ્વારા આ સ્થળે આવનાર માટે પાયાની સુવિધા આપવી જરૂરી છે કારણ કે તે ગુજરાતનો નાગરિક છે. લોકો પોતાની માંગણી અને લાગણી સરકાર સુધી પહોંચાડી શકે જેથી લોકશાહી ધબકતી રહે તે માટે સત્યાગ્રહ છાવણી ખાતે માઈક, મંડપ, શૌચાલય, બાથરૂમની સુવિધા સરકાર તરફથી મળવી જરૂરી છે. આ ઉપરાંત વાહન વ્યવહાર, પોલીસ સંરક્ષણ, બસ સેવા જેવી પાયાની જરૂરીયાત સરળતાથી મળી રહે તે માટે સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ દરેક બાબતોની ચર્ચા બેઠક દરમિયાન કરવામાં આવી હતી. આ તમામ બાબતો અંગે તમામ સંસ્થાઓ સાથે મળી યોગ્ય અધિકારીને રજુઆત કરશે તેવું ઉપસ્થિત નાગરિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત અહીં સલામતી, એસટી, ગુન્હાહીત પ્રવૃત્તિઓ, ટ્રાફિક સિગ્નલની અનિયમિતતા, રાત્રે પેટ્રોલીંગ, દબાણ, ગંદકી જેવા જનપ્રશ્નો ઉકેલવાની પણ વાત કરવામાં આવી હતી. આ બેઠકમાં ભાનુભાઈ પુરાણી, અરૂણ બુચ, રવિન્દ્ર દવે, કે.બી. વ્યાસ, હસમુખ ઠાકર, જે.સી. પરમાર, સુમંતભાઈ શાહ, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, નટવરભાઈ ગજ્જર, ગુણવંતભાઈ ગોહિલ, રાજેન્દ્ર પારેખ, મહેન્દ્ર ચૌહાણ, કાંતિભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત રહી આ ચર્ચાને જીવંત બનાવવા સૂચનો કરવામાં આવ્યા હતા.

# હિલટોપ કંટેસ્ટમાં ગાંધીનગરની હેમ રેડીઓ ટીમ જોડાઈ

ગાંધીનગર, તા.૨૮

ઍમેચ્યોર રેડીઓ સોસાયટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ઍમેચ્યોર રેડીઓ ઓપરેટર એટલે કે હેમ રેડીઓ ઓપરેટર માટે હિલટોપ કોન્ટેસ્ટનું આયોજન થાય છે. જેમાં દેશભરમાંથી હેમ રેડીઓ ઓપરેટરની ટિમો પોતાના રાજ્યના ઊંચા પર્વતો કે ટેકરીઓ પરથી વાયરલેસ દ્વારા એકબીજી ટીમના સંપર્કો કરતા હોય છે. આ વર્ષે પુરા દેશમાંથી ૨૫ જેટલી ટિમો આ હિલટોપ કન્ટેસ્ટ માં ભાગ લઈ રહી છે.

ધરતીકંપ, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ દરમ્યાન ટેલિફોન, મોબાઈલ જેવા સંદેશા વ્યવહારના સાધનો બંધ થઈ જતા હોય છે ત્યારે માત્ર હેમ રેડીઓ જ ઉપયોગી બનતો હોય છે. હેમ રેડીઓ ઓપરેટરો કુદરતી આપત્તિ વખતે સંદેશાવ્યવહાર સ્થાપવા સેવાઓ આપતા હોય છે.

ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઍમેચ્યોર રેડિયો, ગાંધીનગર દ્વારા ઘણા હેમ રેડિયો ઓપરેટર તૈયાર કરવામાં આવ્યા છે. આ હેમ રેડીઓ ઓપરેટરો કુદરતી આપત્તી વખતે જ્યાં પણ જરૂર હોય ત્યાં હેમ રેડીઓ ની સેવા આપતા હોય છે.

ગાંધીનગર ની આ ટીમ પાલીતાણા પાસેના હસ્તગિરી પર્વત જુદા જુદા વાયરલેસ રેડીઓ અને ઍન્ટનાઓ દ્વારા કોમ્યુનિકેશન કરશે અને ભાગ લેનાર દરેક ટીમો અને દેશમાં જે પણ હેમ રેડીઓ ઓપરેટર હોય તેમના સંપર્કો કરશે. હસ્તગિરી હિલટોપ ઈવેન્ટ માં ગાંધીનગરના દિપક જોશી, ડો.અનિલ પટેલ, કે.કે.પટેલ, ભાવનગરના અનોપસિંહ ગોહિલ, વિરભદ્રસિંહ ગિહિલ, ડો.ભટનાગર તથા રાજકોટના ઘનુભા વગેરે હેમ રેડીઓ ઓપરેટરોએ આ સ્પર્ધામાં ભાગ લીધો છે.

આ ઈવેન્ટનો મૂળ ઉદ્દેશ એ પણ છે કે દેશના કયા કયા સ્થાનો પરથી કેટલી જગ્યાએ સંદેશાવ્યવહાર કરી શકાય તેની જાણકારી મેળવવી, તથા હેમ રેડીઓ ઑપરેટરો એ બનાવેલા એન્ટેના અને રેડીઓ સેટના ટેસ્ટીંગ પણ થાય એ સાથે હેમ રેડીઓ પ્રવૃત્તિ નો વ્યાપ વધારી શકાય.



રાજયકક્ષાના ઈનોવેશન ફેર-૨૦૨૦ અમદાવાદ (ડાયટ) ગોતા ખાતે યોજાયેલ. જેમાં ગાંધીનગર જિલ્લાના ચાર ઈનોવેટરના સ્ટોલની મુલાકાત લેતા ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ-બહેન.

# સમદર્શન આશ્રમમાં પૂ.ગુરુમાના સત્સંગના ૨૨ વર્ષના સમાપને અનેરો ઓચ્છવ યોજાશે

## ડો. દલપત પઢિયારનું ભક્તિપદોની સરવાણી સાથે આખ્યાન, વી.એસ. ગઢવી અને કૃષ્ણકાન્ત જહાના વક્તવ્યો યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૧માં આવેલ સમદર્શન આશ્રમમાં પૂ.ગુરુમા સમાનંદજી સરસ્વતીના સત્સંગને ૨૨ વર્ષ સંપન્ન થઈ રહ્યા છે. તા.૧લી માર્ચ ને રવિવારે જ્ઞાન અને ભકિતના આ અવસરને ઓચ્છવ રૂપે ઉજવવાનું આયોજન કરાયું છે.

આ અવસરે સમદર્શન આશ્રમ ખાતે રવિવારે સાંજે ૪.૩૦ વાગ્યે સંતસાહિત્ય અને લોકસાહિત્યના મર્મી-જાણીતા કવિ અને લેખક ડૉ. શ્રી દલપત પઢિયાર કવિતા અને ભકિતપદોની સરવાણી સાથે આખ્યાન આપશે. નિવૃત્ત સનદી અધિકારી, જાણીતા વક્તા અને લોક સાહિત્યના અભ્યાસુ શ્રી વી.એસ. ગઢવી તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષશ્રી



કૃષ્ણકાન્તભાઈ જહા આ પ્રસંગે મનનીય વક્તવ્ય આપશે.

પૂ.ગુરુમાના શ્રીમુખેથી છેલ્લા ૨૨ વર્ષોથી સમદર્શન આશ્રમમાં દર સોમવાર અને શુક્રવારે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન ગીતાજીનો સત્સંગ યોજાય છે. દર ગુરુવાર અને રવિવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન ઉપનિષદ્‌નો સત્સંગ થાય છે અને દર શનિવારે સાંજે ૪.૩૦ થી ૬.૦૦ દરમિયાન બાલ સંસ્કાર વર્ગ યોજાય છે. આ સત્સંગ પ્રવૃત્તિને ૨૨ વર્ષ સંપન્ન થઈ રહ્યાં છે. આ પ્રસંગે વર્ષોથી નિયમિત સત્સંગ શ્રવણ કરતા સાધકો જીવનમાં સત્સંગના લાભ વિશે પોતાના પ્રતિભાવો પણ આપશે.

# તમારા વિદ્યાર્થીઓ તમારું આખું નામ યાદ રાખે તેવા શિક્ષક બનજો : અર્ચન ત્રિવેદી

## ગાંધીનગરના સે-૧૫ની ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના યુવા તાલીમાર્થીઓને જાણીતા અભિનેતા-દિગ્દર્શક અર્ચન ત્રિવેદીનું મોહિત કરતું વકતવ્ય : વણજોઈતી પરંપરાઓને તોડવી તે મારો શોખ રહ્યો છે : અર્ચન ત્રિવેદી



ગાંધીનગર, તા.૨૮

'તમે એવા શિક્ષક બનજો કે તમારા વિદ્યાર્થીઓ તમારું આખું નામ યાદ રાખે, મને આજે પણ મારા તમામ ગુરૂઓના પુરાં નામ યાદ છે.' આ શબ્દો હતા જાણીતા અભિનેતા-દિગદર્શક અર્ચન ત્રિવેદીના જેઓએ આજે ખુશનુમા સવારમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશનના તાલીમાર્થીઓને સંબોધ્યા હતા. આ સાથે તેમણે તાલીમાર્થીઓને 'જીવનમાં એવું કામ કરજો જેથી બધા તમને ચાહે' તેવી સલાહ પણ આપી હતી.

ગુજરાતના ઘરેણાં સમામ ગણાતા ખુબ જ અનુભવી અને જાણીતા ટીવી નાટય તથા ફિલ્મ અભિનેતા અર્ચન ત્રિવેદી આજે સેકટર-૧૫માં આઈઆઈટીઈમાં ડિપાર્ટમેન્ટ ઓફ આર્ટસ દ્વારા આયોજિત 'ધ વૉઈસ ઓફ થીએટર-સોનોરટાસ' અંતર્ગત વકતવ્ય આપ્યું હતું. જે મળે તે સૌ કોઈને 'આઈ લવ યુ' કહેવા માટે જણીતા અર્ચન ત્રિવેદીએ યુવા તાલમાર્થીઓ સાથે તેમની આગવી શૈલીમાં વાતો કરીને યુવાનોના દિલ જીતી લીધા હતા. તેમણે પોતાના જીવનના ઘણા બધા રસપ્રદ પ્રસંગો વર્ણવવા સાથે કહ્યું હતું કે, 'ગમતી વસ્તુઓ સતત સાથે રહે તે જરૂરી નથી.' પોતાની અભિનય યાત્રા અને પ્રેમ પ્રસંગોની વાતો પણ ખુલ્લા મને કરતા તેમણે કહ્યું કે 'જે સવાલોના જવાબ ના મળે તેનો વલવલાટ જીવનભર રહેતો હોય છે.'

આ સાથે તેમણે અંધશ્રધ્ધાથી દૂર રહેવા અને પોતાની જાતમાં ભરપૂર શ્રધ્ધા દાખવવા યુવાનોને પ્રેરિત કરતાં કહ્યું હતું કે 'વણજોઈતી પરંપરાને તોડવી તે મારો શોખ રહ્યો છે.' અંતમાં તેમણે 'જીવનમાં જલસો જરૂરી છે' તેવું કહેવા સાથે આરંભેલી સંબંધોની વાતોનો અંત 'દરેક સંબંધને એક આયુષ્ય હોય છે' તેવું કહીને આણ્યો હતો. આઈઆઈટીઈના યુવા તાલીમાર્થીઓ જેમાં મોટી સંખ્યામાં યુવતીઓ હતી તે સૌએ ડગલેને પગલે અર્ચન ત્રિવેદીની વાતોને તાળીઓના ગડગડાટથી વધાવી હતી તેમજ કાર્યક્રમના સમાપન બાદ તાલીમાર્થીઓએ તેમની સાથે 'સેલ્ફી' લેવા પણ પડાપડી કરી હતી.

# મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫
**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**મલંગ**
૧.૩૫, ૬.૧૦
**તાન્હાજી** - ૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ**
૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫
**મલંગ** - ૯.૪૫
**તાન્હાજી** - ૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**મલંગ** - ૬.૫૫
**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

# તિજોરીની ચાવી બનાવવા આવેલા ઠગબાજો દાગીના લઈને ફરાર

ગાંધીનગર, તા.૨૮

જુના ખોરજ ગામમાં આવેલા એક રહેણાંક મકાનમાં તિજોરીની ચાવી બનાવવા માટે આવેલા બે ઠગબાજોએ ઘરમાં રહેલા મહિલાની નજર ચુકવીને રૂ.૧.૪૦ લાખના દાગીના લઈને ફરાર થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બે ઠગબાજોને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા જુના ખોરજ ગામના લુહાર વાસમાં રહેતા ઈમરાનખાન ફરીદખાન પઠાણ (ઉં.વ.૨૯) ગત તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ તેઓ બપોરના સુમારે ઘરે આવ્યા હતા, ત્યારે માતા ઝરીનાબેન ઘરે હતા. આ સમયે ઘરમાં ૨૦ થી ૨૫ વર્ષની વયના બે યુવકો ઘરમાં રહેલી તિજોરીની ચાવી બનાવવા માટે આવ્યા હતા. યુવક ઘરે આવતા જ બન્ને યુવકો ચા પીને પરત આવીએ છીએ કહીને ઘરેથી તાત્કાલીક નીકળી ગયા હતા.બંન્ને શખ્સોએ બનાવેલી ચાવી થી ઝરીનાબેને તિજોરી ચેક કરતા લોક ખુલી ગયું હતું. જો કે અંદર પડેલી સોનાની ૬ વીટીં, સેર સાથેની સોનાની બુટ્ટી મળી આવી ન હતી. આ સોનાના દાગીનાની કિંમત રૂ. ૧.૪૦ લાખ થવા જાય છે. ઘરમાં અન્ય સ્થળે દાગીના કયાંક મુકાઈ ગયા હશે તેમ માનીને ૪ દિવસ શોધખોળ કરી હતી. તેમ છતા દાગીના નહી મળી આવતા તેઓએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.